# Prime Minister meets Italian Prime Minister Mario Draghi on the margins of G20 Summit in Rome

October 29, 2021

# વડાપ્રધાને રોમમાં જી-20 શિખર મંત્રણા દરમિયાન ઈટાલીના વડાપ્રધાન મારિયો ડ્રાઘી સાથે મુલાકાત કરી

ઓક્ટોબર 29, 2021

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 29 ઓક્ટોબર 2021ના રોજ ઈટાલીના રોમમાં જી-20 સમિટની સાથે સાથે ઈટાલીના વડાપ્રધાન મહામહિમ મારિયો ડ્રાઘીને મળ્યા હતા. આ તેમની પ્રથમ રૂબરૂ મુલાકાત હતી. વડાપ્રધાન મોદીએ વૈશ્વિક રોગચાળા વચ્ચે જી-20ની સફળતાપૂર્વક યજમાની કરવા બદલ વડાપ્રધાન ડ્રાઘીને અભિનંદન પાઠવ્યા હતા. ગ્લાસગોમાં સીઓપી-26 ના આયોજનમાં ઈટાલી યુકેની ભાગીદારી પણ કરી રહ્યું છે.

2. બંને નેતાઓએ જળવાયુ પરિવર્તનને કારણે ઊભા થયેલા પડકારો અને આંતરરાષ્ટ્રીય સમુદાયે સાથે મળીને કામ કરવાની જરૂરિયાત અંગે ચર્ચા કરી હતી. વડાપ્રધાને ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા પરિવર્તનકારી આબોહવા પગલાં (ક્લાઈમેટ એક્શન) અને વિકસિત વિશ્વની આબોહવા ધિરાણ પ્રતિબદ્ધતાઓ અંગે વિકાસશીલ દેશોની ચિંતાઓને હાઈલાઈટ કરી હતી.

3. બંને નેતાઓએ અફઘાનિસ્તાન અને ઈન્ડો-પેસિફિક સહિત તાજેતરની વૈશ્વિક અને પ્રાદેશિક ઘટનાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓએ ભારત-ઈયુ વચ્ચે બહુપક્ષીય સહયોગને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવાની તેમની ઈચ્છાનો પુનરોચ્ચાર કર્યો હતો.

4. દ્વિપક્ષીય બાજુએ બંને નેતાઓએ નવેમ્બર 2020માં ભારત-ઈટાલી વર્ચ્યુઅલ સમિટ પછીના વિકાસની સમીક્ષા કરી હતી અને વર્ચ્યુઅલ સમિટમાં અપનાવવામાં આવેલ 2020-2025 એક્શન પ્લાનના અમલીકરણમાં પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો જેના હેઠળ આગામી પાંચ વર્ષમાં પ્રાપ્ત કરવા માટેના રાજકીય, આર્થિક, વ્યૂહાત્મક એસએન્ડટી અને સાંસ્કૃતિક ક્ષેત્રે લક્ષ્યો નક્કી કર્યા હતા.

5. બંને નેતાઓએ ખાસ કરીને ટેક્સટાઈલ, ફૂડ પ્રોસેસિંગ, ઓટોમોટિવ અને રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણના જોડાણને વધુ વિસ્તરણ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. ભારત અને ઈટાલીએ નવીનીકરણીય અને સ્વચ્છ ઉર્જામાં દ્વિપક્ષીય સહકારને નવેસરથી પ્રોત્સાહન આપવા માટે ઊર્જા સંક્રમણ પર વ્યૂહાત્મક ભાગીદારીની ઘોષણા કરતું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું અને મોટા કદના ગ્રીન કોરિડોર પ્રોજેક્ટ્સ, સ્માર્ટ ગ્રીડ, ઊર્જા સંગ્રહ ઉકેલો, જેવા ક્ષેત્રોમાં ભાગીદારી શોધવા સંમત થયા હતા. તેમાં ગેસ પરિવહન, સંકલિત કચરો વ્યવસ્થાપન (વેસ્ટ ટુ વેલ્થ), ગ્રીન હાઈડ્રોજનનો વિકાસ, બાયો-ઈંધણનો પ્રચાર સામેલ છે. ભારત અને ઈટાલીએ આ

બેઠકની સાથે સાથે ટેક્સટાઈલ સહકાર અંગેના ઈરાદાના નિવેદન પર પણ હસ્તાક્ષર કર્યા હતા.

6. વડાપ્રધાને વહેલી તકે ભારતની સત્તાવાર મુલાકાત કરવા માટે વડાપ્રધાન ડ્રાઘીને આમંત્રણ આપ્યું હતું.

**રોમ**
**ઓક્ટોબર 29, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.